ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!
મંગળવાર ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬

**ગામમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધુ (૫૨.૪%) છે, શાસન પણ સ્ત્રીઓનું, પંચાયતની લગામ પણ 'શિક્ષિત નારી' ના હાથમાં, રવિન્દ્રાબેન વસાવા (સરપંચ) અને વાસંતીબેન વસાવા (ડે. સરપંચ) ગામનાં વર્ષો જૂના પ્રશ્નો ઉકેલવામાં સક્ષમ**

# ડેડિયાપાડા તાલુકા પેલેસથી માત્ર 3 કિમી દૂર અને ધામણ ખાડીના કિનારે આવેલું ગામ એટલે

# નિવાલ્દા

ટાઉન ટોક

નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકા પેલેસથી માત્ર ૩ કિમી દૂર અને ધામણ ખાડીના કિનારે આવેલું ગામ એટલે નિવાલ્દા. અંકલેશ્વર-સાગબારાને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સ્થિત આ નાનકડા ગામની વસતી આશરે ૨૪૧૪ જેટલી છે. સાતપુડાની ગિરિમાળાઓ વચ્ચે વસેલું હોવાથી અહીંના ગ્રામજનોને આજે પણ ૧૦૦ ટકા શુદ્ધ ઓક્સિજન અને કુદરતી વાતાવરણનો લાભ મળે છે. વિકાસની દિશામાં આગળ વધી રહેલું નિવાલ્દા ગામ હવે ધીમે-ધીમે આત્મનિર્ભર બની રહ્યું છે. ગામની નજીકમાં જ ઈજનેરી (એન્જિનિયરિંગ), કૃષિ અને સરકારી આર્ટસ કોલેજો કાર્યરત થતાં આ વિસ્તાર ભવિષ્યમાં એક મોટા 'વિદ્યાધામ' તરીકે ઉભરી રહ્યો છે. શિક્ષણની સુવિધા માટે અહીં સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ સહિત અન્ય શાળાઓ પણ આવેલી છે. નિવાલ્દા ગામની સૌથી મોટી વિશેષતા તેનું મહિલા સશક્તિકરણ અને જાતિ પ્રમાણ છે. જ્યાં અન્ય ગામોમાં સ્ત્રીઓ કરતા પુરુષોની સંખ્યા વધુ છે. નિવાલ્દામાં સ્ત્રીઓનું પ્રમાણ ૫૨.૪ ટકા જેટલું વધારે છે. વધુમાં, ગ્રામ પંચાયતની ધૂરા પણ શિક્ષિત મહિલા સરપંચ અને ડેપ્યુટી સરપંચ સંભાળી રહ્યાં છે. સમગ્ર ગ્રામ પંચાયતમાં સરપંચ સહિત તમામ સભ્યો આદિવાસી સમાજના છે, જેઓ સાથે મળીને ગામના વિકાસ માટે કાર્યરત છે.....



## નિવાલ્દાનાં સરપંચ રવિન્દ્રાબેન વસાવાનો ગ્રામ વિકાસમાં અમૂલ્ય ફાળો



નિવાલ્દા ગામમાં સતત બીજી ટર્મથી એક જ દંપતી સરપંચ તરીકે જવાબદારી નિભાવી રહ્યું છે, જેમાં હાલ શિક્ષિત મહિલા સરપંચ રવિન્દ્રાબેન વસાવા મોખરે છે. પોતાનું ગામ હરિયાળું અને વિકસિત બને એ માટે સરપંચની ભૂમિકા અત્યંત મહત્વની હોય છે; રવિન્દ્રાબેનના માનસપટ પર આખા ગામના વિકાસનો નકશો અને ચોક્કસ ધ્યેય અંકિત થયેલા છે. ૪૩ વર્ષીય રવિન્દ્રાબેન ધરમસિંગભાઈ વસાવા મૂળ સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના નાની ફોકડી ગામના વતની છે. ૧૨ જુલાઈ, ૧૯૮૨ના રોજ જન્મેલા રવિન્દ્રાબેન બાળપણથી જ ભણવામાં તેજસ્વી હતાં અને તેમણે બી.એ. (T.Y. B.A.) સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. અભ્યાસકાળ દરમિયાન તેમની ઈચ્છા નોકરી કરી પગભર થવાની હતી, પરંતુ વર્ષ-૨૦૦૪માં નિવાલ્દાના ધરમસિંગભાઈ વસાવા સાથે લગ્નગ્રંથિથી જોડાયા બાદ તેમણે એક ઉત્તમ ગૃહિણી તરીકેની જવાબદારી સ્વીકારી. પોતાના ઉચ્ચ શિક્ષણનો સદુપયોગ કરી રવિન્દ્રાબેન વર્ષ-૨૦૦૮થી જ સમાજસેવા અને લોકોના સુખ-દુઃખમાં સહભાગી થવા લાગ્યાં હતાં. વર્ષ-૨૦૧૭માં જ્યારે નિવાલ્દા ગ્રામ પંચાયતની ચૂંટણી આવી, ત્યારે તેમના પતિ ધરમસિંગભાઈ વસાવાએ સરપંચ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. ત્યારબાદ વર્ષ-૨૦૨૨ની ચૂંટણીમાં ગ્રામજનોની માંગણી અને પ્રોત્સાહનથી રવિન્દ્રાબેને સરપંચપદે ઝંપલાવ્યું અને વિજયી બન્યાં. શિક્ષિત હોવાને નાતે રવિન્દ્રાબેનને ગામનાં વિકાસકામોમાં વિશેષ રુચિ છે. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન ગામના રસ્તાઓ પર થયેલાં વર્ષો જૂના દબાણો દૂર કરાવ્યાં છે. ગામના સ્મશાનનો જે માર્ગ વર્ષોથી ખંડેર હાલતમાં હતો, ત્યાં માટી-મેટલનું કામ કરાવીને તેને ચાલવા લાયક બનાવ્યો છે; હવે ૧૫મા નાણાપંચ હેઠળ ત્યાં આર.સી.સી. (RCC) રોડ બનાવવાની મંજૂરી પણ મળી ગઈ છે, જેનું કામ ટૂંક સમયમાં શરૂ થશે. આ ઉપરાંત, નિવાલ્દાથી ખોખરાઉમર સુધીનો માટી-મેટલ રોડ પણ તૈયાર કરવામાં આવ્યો છે. વીજળીની સમસ્યા બાબતે પણ તેમણે નોંધપાત્ર કામગીરી કરી છે. ૧૫ વર્ષ પહેલાં આખા ગામમાં માત્ર એક જ ટ્રાન્સફોર્મર (TC) હતું, જેના કારણે લો-વોલ્ટેજની સમસ્યા રહેતી હતી. રવિન્દ્રાબેને તંત્ર સાથે સતત સંકલન સાધીને ગામમાં નવાં પાંચ ટ્રાન્સફોર્મર મુકાવ્યાં છે, જેનાથી ગામ હવે વીજ-ભારણ મુક્ત બન્યું છે. રવિન્દ્રાબેન વસાવા ગૌરવ સાથે જણાવે છે કે, "દરેક વ્યક્તિને પોતાના ગામ પ્રત્યે ગૌરવ હોય તે સ્વાભાવિક છે. સદનસીબે મને નિવાલ્દાની સેવા કરવાની તક મળી છે, જેનો મને વિશેષ સંતોષ છે."

## નિવાલ્દા ગ્રામ પંચાયતના પદાધિકારીઓની યાદી

- **સરપંચ:** રવિન્દ્રાબેન ધરમસિંગભાઈ વસાવા
- **ડેપ્યુટી સરપંચ:** વાસંતીબેન નરસિંહભાઈ વસાવા
- **સભ્ય:** મગનભાઈ બામણીયાભાઈ વસાવા
- ખેતાબેન પારસીંગભાઈ રજવાડી
- મંગીતાબેન મનસુખભાઈ વસાવા
- વિનોદભાઈ નુરસિંહભાઈ વસાવા
- રણજીતભાઈ જેસિંગભાઈ વસાવા
- કમલેશભાઈ ચીમનભાઈ વસાવા
- રમીલાબેન અમરસિંગભાઈ વસાવા
- **તલાટી કમ મંત્રી:** વસંતભાઈ આર. વસાવા

## નિવાલ્દા ગામના દર્શન

- નિવાલ્દા ગામની કુલ વસતી-2414 (વર્ષ-2011 આધારે)
- **કુલ પુરુષ**-1148
- **કુલ સ્ત્રી**-1266 (52.4 ટકા)
- **કુલ ઘર**-800
- **ગામનાં ફળિયાં**- મિશન ફળિયું, ટેટવાઈ ફળિયું, મોતીનગર અને પ્રગતિનગર
- **ગામનો ભૌગોલિક વિસ્તાર**-595 હેક્ટર 20 આરે
- **કુલ સાક્ષરતા દર**-75.6 ટકા
- **ગામમાં પ્રાથમિક શાળા કુલ** -2 (સરકારી અને (કે.જી.થી લઈને હાઈસ્કુલ સુધી મિશન હાઈસ્કૂલ)
- **આંગણવાડી**-2
- **ગામમાં કુલ ખાતેદારો**-190
- **ગામમાં કુલ પશુધન**-1371
- **ગાય**-896
- **ભેંસ**-417
- **બકરી**-58

## પ્રાકૃતિક ખેતીના પ્રણેતા: નિવાલ્દાના બેબાર ગામના પ્રગતિશીલ ખેડૂત નરપતભાઈ વસાવાની પ્રેરણાદાયી ગાથા





"પ્રાકૃતિક ખેતીની પદ્ધતિ એટલે સ્વસ્થ જીવનની પ્રગતિ" એ કહેવતને ડેડિયાપાડા તાલુકાના એક આદિવાસી ખેડૂતે સાચા અર્થમાં સાર્થક કરી બતાવી છે. નિવાલ્દા નજીક આવેલા નાનકડા બેબાર ગામના પ્રગતિશીલ ખેડૂત નરપતભાઈ તારસિંગભાઈ વસાવા આજે રાસાયણિક મુક્ત ખેતી અપનાવીને અન્ય કૃષિકારો માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે. આધુનિકતાના આંધળા અનુકરણને બદલે મૂળ કૃષિ પરંપરા તરફ વળેલા નરપતભાઈએ આ માટે નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે બાગાયતી ખેતીની અને KVK ડેડિયાપાડા ખાતે મશરૂમ ઉત્પાદનની વિશેષ તાલીમ મેળવી પોતાની કૃષિ કારકિર્દીને મજબૂત બનાવી છે. હાલમાં તેઓ 'આત્મા' પ્રોજેક્ટ હેઠળ તાલીમ મેળવી CRP (કોમ્યુનિટી રિસોર્સ પર્સન) તરીકે ક્લસ્ટર ગ્રુપમાં અન્ય ખેડૂતોને માર્ગદર્શન આપી રહ્યા છે. નરપતભાઈએ પોતાના ખેતરમાં મિશ્ર પાક પદ્ધતિનો સફળ પ્રયોગ કર્યો છે, જેમાં હળદર સાથે મકાઈ અને કોબીજ-ફ્લાવર સાથે જુવાર જેવા પાકોનું આંતર ખેડાણ કર્યું છે. ડેડિયાપાડાના ડુંગરાળ વિસ્તારમાં અનોખો સ્વાદ ધરાવતી સુરતી પાપડી, તુવેર, ભીંડા અને ચોળી માટેનું ઉચ્ચ ગુણવત્તાયુક્ત બિયારણ તેમને શ્રોફ ફાઉન્ડેશન તરફથી પ્રાપ્ત થયું હતું. તેઓ ખેતીમાં રાસાયણિક ખાતરને બદલે દેશી ગાય આધારિત નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, જીવામૃત અને અળસિયાના ખાતરનો ઉપયોગ કરે છે, જેનાથી જમીનની ફળદ્રુપતા વધવાની સાથે ખેતી ખર્ચમાં પણ મોટો ઘટાડો થયો છે. નરપતભાઈ જણાવે છે કે પ્રાકૃતિક ખેતી અપનાવ્યા બાદ પાકનું ઉત્પાદન સુધર્યું છે અને જમીનની તંદુરસ્તી પણ જળવાઈ રહી છે. નર્મદા જિલ્લામાં પ્રાકૃતિક ખેતી પ્રત્યે વધતા આ ઝુકાવ પાછળ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રેરણા અને માર્ગદર્શન મહત્ત્વપૂર્ણ રહ્યાં છે. તેમના પ્રચંડ અભિયાનથી પ્રેરાઈને આજે અનેક ખેડૂતો ઝેરમુક્ત ખેતી તરફ વળ્યા છે. નરપતભાઈ વસાવા જેવા પ્રગતિશીલ ખેડૂતોના નિષ્ઠાવાન પ્રયત્નોને કારણે આજે ફૂલસર જેવાં ગામોમાં ખેડૂતોને કુદરતી દ્રાવણો બનાવવાની પ્રત્યક્ષ તાલીમ મળી રહી છે. આ રીતે, પરંપરાગત જ્ઞાન અને આધુનિક તાલીમનો સમન્વય સાધીને નરપતભાઈ નર્મદા જિલ્લાના કૃષિ ક્ષેત્રમાં એક નવું મોડલ ઊભું કરવામાં પાયાની ભૂમિકા ભજવી રહ્યા છે.






